મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ . . .

# દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India
Amul The Taste of India

અંક : 3 | વર્ષ - 6 | ઓક્ટોબર - 2026 (સળંગ અંક : 63) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## વર્તમાનની ભૂમિ ઉપર નવા ભવિષ્યનું નિર્માણ








મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મહેસાણા

### પશુપાલક ધોતિયા-ઝભ્ભામાં જ હોય એ વહેમ અને STEREOTYPE (બીબા ઢાળ માન્યતા) ને હવે છોડો

વિજય - મેહુલ - પ્રવિણભાઈ - ગોવિંદભાઈ - વિજય અને અલ્કેશભાઈ જેવા પેન્ટ શર્ટ પહેરતાં યુવાનો હવે, નવા માઈન્ડસેટ સાથે, પશુપાલનના વ્યવસાયને આપી રહ્યા છે નવો આયામ

# ઘટમાં ઘોડા થનગને, આતમ વિંઝે પાંખ









પશુપાલક ધોતિયા-ઝભ્ભામાં જ હોય એ વહેમ કાઢી નાખવાનો સમય હવે આવી ગયો છે. પેન્ટ - શર્ટવાળો યુવાન પશુપાલક હવે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં નવા ભવિષ્યનું નિર્માણ કરવા મેદાનમાં આવી ગયો છે.

સમાજમાં વર્ષોથી એક પરંપરાગત છાપ ઘર કરી ગઈ છે કે ; પશુપાલક એટલે માથે પાઘડી કે ફેંટો, ખભા ઉપર પછેડી, અંગે ધોતિયું કે ચોરણો અને હાથમાં લાકડી લઈને તબેલામાં ગોબર સાફ કરતો એક અભણ કે ઓછું ભણેલો ગ્રામીણ માણસ. શહેરી માનસિકતાએ પશુપાલનને હંમેશાં મજબૂરી કે અલ્પશિક્ષીત લોકોનો વિકલ્પ માની લીધો હતો. પરંતુ, આ વહેમ અને સ્ટીરિયોટાઈપને (બીબાઢાળ માન્યતા/વિચાર) હવે કચરાપેટીમાં ફેંકી દેવાનો સમય પાકી ગયો છે. આજે દૂધસાગરના કાર્યક્ષેત્રમાં યુવાનો થકી એક શાંત પણ પ્રચંડ ક્રાંતિ આકાર લઈ રહી છે. આજના તબેલાઓમાં પેન્ટ-ઈન શર્ટ પહેરેલો, કાંડે સ્માર્ટવોચ બાંધેલો અને હાથમાં સ્માર્ટફોન કે ટેબ્લેટ લઈને ફરતો યુવાન ઉભો છે. આ કોઈ સામાન્ય પશુપાલક નથી; આ કૃષિ - ઉદ્યોગ સાહસિક (Agripreneur) છે. જેણે પશુપાલનને માત્ર "જીવતર કાપવાનું સાધન" મટાડી "હાઈટેક બિઝનેશ એમ્પાયર" બનાવી દીધું છે.

દૂધસાગર પત્રિકાના આ ગ્રાઉન્ડ ઝીરો આર્ટીકલને સૌ વાંચકો એક ટેબલ - સ્ટોરી માનવાની ભૂલ કદાપિ ન કરતા. આજના આ સમગ્ર લખાણને લખતાં પહેલાં અમે આ તમામ પશુપાલક યુવાનો સાથે કલાકો સુધી બેઠા છીએ - તેમના વિચારો - તેમની કાર્યશૈલી - તેમનો અભ્યાસ અને તેમના પેશનને ખૂબ નજીકથી જાણી આ સમગ્ર લેખ આપ સમક્ષ મૂકી રહ્યા છીએ.

આ ડિગ્રીધારી યુવાનો : નોકરી, અન્ય કારોબાર તેમજ કોર્પોરેટ બધાજ ક્ષેત્રોમાં જઈ શકે તેમ હોવાછતાં આ બધુ છોડીને તેઓએ પુરા ઝનૂન અને શોખ સાથે પશુપાલનના વ્યવસાયને કેમ અપનાવ્યો છે ? તે જાણવું અમારા વાંચકો માટે પણ અને નવા યુવાનો માટે પણ પ્રેરણાદાયક રહેશે.

સિવિલ એન્જિનિયરીંગ, B.B.A., B.C.A., BHMS (ડોક્ટર), ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પૂર્ણ કરી ચૂકેલા આ યુવાનો એક નવાજ માઈન્ડસેટ સાથે પશુપાલનના આ વ્યવસાયમાં ઉતર્યા છે.

આ નવી પેઢીના યુવાનો "ડેરી ફાર્મિંગ" ના આ વ્યવસાયમાં માત્ર નોકરીનો મોહ છોડીને નથી આવ્યા. પણ, પોતાની સાથે મેનેજમેન્ટ, પ્લાનિંગ અને ડેટા - એનાલિટિક્સનું ગણીત લઈને આવ્યા છે. એમના માટે ગાય કે ભેંસ માત્ર પ્રાણી નથી. પરંતુ, લાઈવસ્ટોક એસેટ (જીવંત સંપત્તિ) છે. જેનું રિટર્ન ઑન ઈન્વેસ્ટમેન્ટ (ROI) ગણતરી પૂર્વક કાઢવામાં આવે છે.

પરંપરાગત વ્યવહાર સામે ટેક્નોલોજીનો સુમેળ જ્યાં પહેલાં માત્ર અનુભવના આધારે નિર્ણયો લેવાતા, ત્યાં આજે પેન્ટ શર્ટ વાળો પશુપાલક ડેટા પર કામ કરે છે.

હાથથી દૂધ દોહવાની જગ્યાએ મિલ્કીંગ મશીન અને તબેલામાં ટેમ્પ્રેચર કંટ્રોલ માટે એક્ઝોસ્ટ ફેન, સેન્સર આધારિત ફુવારા, આરામદાયક મેટ્સ અને પશુઓ મુક્તપણે ફરી શકે તેવું આરામદાયક વાતાવરણ અને પશુઓ માટેની ચોક્કસ ઘડિયાલના કાંટે ખ્યાલ રાખવામાં આવતી દિનચર્યાનો સમાવેશ થાય છે.

પ્રતિદીવસ - પ્રતિમાસ અને પ્રતિવર્ષે કેટલા રુપિયા કમાવવા છે તેનું આ યુવાનો પાસે ચોક્કસ લક્ષ છે. આધુનિક પશુપાલક માત્ર દૂધ વેચીને સંતોષ માનતો નથી. તેના માટે તબેલામાંથી નિકળતું છાણ અને મૂત્ર પણ રોકડિયું ઉત્પાદન છે.

નવા ભારતના નિર્માણની શ્વેતક્રાંતિ ડૉ.વર્ગીસ કુરીયને અમૂલ થકી સહકારી ક્ષેત્રે દૂધક્રાંતિ લાવી હતી. આજે આ પેન્ટ-શર્ટ વાળો યુવાવર્ગ તેને "શ્વેતક્રાંતિ -૨.0" માં રુપાંતરિત કરી રહ્યો છે. જ્યાં પશુપાલન એક આદરણીય, ગૌરવપૂર્ણ અને સંપૂર્ણ વ્યવસાયિક અભિગમ આધારિત પ્રોફેશન બની ચૂક્યું છે.

સમાજે હવે, પોતાની દ્રષ્ટિ બદલવી પડશે. પશુપાલન એ કોઈ પાછળ રહી ગયેલા લોકોનું કામ નથી. પરંતુ , ઘરની અને દેશની અર્થ વ્યવસ્થાને મજબૂત બનાવતી એક આગવી તાકાત છે. જ્યારે શિક્ષિત યુવાન ગમાણમાં ઉતરે છે. ત્યારે તે છાણ નહીં. સોનું પેદા કરવાની તાકાત ધરાવે છે. ધોતિયા - ઝભ્ભાનો આદર ચોક્કસ છે. પણ, પેન્ટ - શર્ટ વાળો યુવાન હવે મહેસાણા ડેરીના કાર્યક્ષેત્રમાં એ સાબિત કરી રહ્યો છે કે ; વેશભૂષા નહીં, વિઝન મોટું હોવું જોઈએ.



પ્રતિદીવસ - પ્રતિમાસ અને પ્રતિવર્ષે કેટલા રુપિયા કમાવવા છે તેનું આ યુવાનો પાસે ચોક્કસ લક્ષ છે. આધુનિક પશુપાલક માત્ર દૂધ વેચીને સંતોષ માનતો નથી. તેના માટે તબેલામાંથી નિકળતું છાણ અને મૂત્ર પણ રોકડિયું ઉત્પાદન છે.

દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં યુવાનો પશુપાલનની ઈચ્છા શક્તિ તો ધરાવતા હતા. પણ, તેમને પીઠબળ આપવું ખૂબ જરુરી હતું. આ બાબતથી વાકેફ એવા ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળે - ગુજરાત સરકારની બાર અને વીસ દૂધાળાં પશુયોજના માટે મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંક અને ડેરીના સી.એસ. તથા વેટરનરી તંત્રનો સદઉપયોગ કરી હજારો પશુપાલકોની એક સાથે ઐતિહાસીક લોન મંજૂરીઓ કરાવી જેનાથી આપણે મળવા જઈ રહ્યા છીએ એ યુવાનો એક સ્વપ્નને સાકાર કરી રહ્યા છે. આવો... મળીએ યુવાન પશુપાલકોને...

**જ્યારે શિક્ષિત યુવાન ગમાણમાં ઉતરે છે. ત્યારે તે છાણ નહી. સોનું પેદા કરવાની તાકાત ધરાવે છે.**

# ગોરીસણા (ખેરાલુ)

**પ્રવિણભાઈ અને ગોવિંદભાઈ ડાહ્યાભાઈ ચૌધરી**
**મો.9712299956**

**અભ્યાસ - MA. B.Ed**



દરેક ભેંસ ઉપર એક પંખો(સિલીંગ ફેન) એટલે કે ; ૭૦ પંખા, દરેક ભેંસને પાણી પીવા પોતાની આગવી કુંડી એટલે કે ; ૧૦૦ પાણીની કુંડીઓ, દરેક ભેંસ પાસે પોતાની આગવી આરામ દાયક મેટ અને પ્રતિ ટંક ૧૦ લિટરથી વધુ દૂધ આપે તેવી ઉત્તમ ઓલાદની બની-મહેસાણી- મુરાહ અને જાફરાબાદી ૭૦ ભેંસોના માલીક એવા બે ભાઈ પ્રવિણભાઈ અને ગોવિંદભાઈ અત્યાધુનિક કોમર્શિયલ ડેરી ફાર્મ ધરાવે છે જેમાંથી તેઓ પ્રતિદીવસ ૪૦૦ લિટર દૂધનું ઉત્પાદન કરી મહિને ૧૦ લાખ રુપિયા નું ઉપાર્જન થાય છે. દૂધસાગર ડેરીના ચોપડે નોંધાયેલા આંકડા મુજબ ગત વર્ષે તેઓએ ૫૮ લાખ રુપિયાનું દૂધ ઉત્પાદન કર્યું હતું.

વૈજ્ઞાનિક અભિગમો સાથે પશુપાલન વ્યવસાયને સંચાલિત કરવાથી વિદેશોની જેમ ભારત અને ગુજરાતમાં પણ વ્યવસાયિક ધારા ધોરણ મુજબ ડેરી ફાર્મ થકી પૈસા કમાવવા સરળ બની શકે છે તેવા વિચાર ધરાવતા પ્રવિણભાઈ ચૌધરી પોતાના ફાર્મ હાઉસમાં બધી જ ભેંસો મોટા ભાગનો સમય ખુલ્લામાં ફરી શકે તેવી વાડાબંધી ધરાવે છે. તેમજ, સેક્સડ સીમેન ડોઝ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સુપેરે ઉપયોગ કરી ઉત્તમ ઓલાદ પેદા કરવાના પ્રયોગોમાં સફળતા મેળવી રહ્યા છે. ભેંસોને ૨૪ x ૭ ધરોઈનું શુધ્ધ પાણી પીવાની સુવિધા અને તબેલો નહીં પણ જેને કોઈ કંપનીનું સુવિધા જનક પ્રોડક્શન હાઉસ હોય તેવી સુવિધાઓ જોઈ કોઈને પણ પશુપાલન માટે પ્રેમ થઈ જાય તેવા અદભૂત વાતાવરણનું આ ચૌધરી બંધુઓએ નિર્માણ કર્યું છે.

# ગુંજાળા - વિસનગર

**ચૌધરી વિજયકુમાર સેંધાભાઈ**
**મો.6353334850**

**અભ્યાસ - B.B.A. (બેચલર ઓફ બિઝનેશ એડમિસ્ટ્રેશન)**



પોતાના પશુપાલક પિતાશ્રી સેંધાભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારશ્રીની બાર દૂધાળાં પશુ યોજના હેઠળ - ૧૨ મહેસાણી ભેંસોથી પોતાનો સ્વતંત્ર વ્યવસાય તેઓએ તાજેતરમાં જ શરુ કર્યો છે. ભેંસો માટે સ્વતંત્ર અને મુક્તપણે તે વિચરણ કરી શકે તેવી ખુલ્લા વાડાની વ્યવસ્થા ધરાવતા વિજયભાઈએ પોતાના તબેલામાં પશુઓને ઓછી ગરમી લાગે તેવા શેડ તથા પંખા અને ફુવારાની સગવડ મુકી વાસ્તવિક અર્થમાં મહેસાણી ભેંસોને લાયક વાતાવરણનું નિર્માણ કરી રોજના ૭૦ લિટરના દૂધ ઉત્પાદન સાથે તેઓ રોજ ૩૦૦૦ થી ૩૫૦૦ રુપિયાનું આર્થિક ઉપાર્જન કરે છે.

ખાનગી ક્ષેત્રમાં - સવારના ૯ થી સાંજે ૬ વાગ્યા સુધી નોકરી કરી મહિને 30 થી ૪૦ હજાર પગાર મળતો હોય તેના કરતાં ૧૨ થી ૧૫ પશુઓ સાથે બાપ-દાદાના આ પશુપાલનના વ્યવસાયને આગળ વધારવાના અભિગમને હું ટેકો આપું છું. સામાજિક સ્વતંત્રતા સાથે આ વ્યવસાયમાં તમે ખાનગી નોકરી કરતાં વધુ આર્થિક સક્ષમ બની શકો તેવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે.

દિવસ દરમ્યાન પશુઓને જરુરી ખાણદાણ અને મિનરલ્સ આપવામાં આવે અને ૨૪ કલાક પશુઓને પીવાના શુધ્ધ પાણી સાથે રોજે રોજ સમયાંતરે પશુઓના વર્તન ઉપર ધ્યાન રાખવામાં આવે તેમજ પશુઓને અનુકૂળ મુક્ત વાતાવરણ મળી જાય તો મને લાગે છે કે દૂધ ઉત્પાદનના ધંધા માટે આવનારો સમય ખૂબ સારો છે.

# ગઢા - મહેસાણા

**વિજયભાઈ કાંનજીભાઈ ચૌધરી**

**મો.9725911038**




**અભ્યાસ - માસ્ટર ડિગ્રી (સાયકોલોજી) M.A. B.Ed**

પશુઓ માટે બંધન વગરનો બગીચો એટલે ગઢા ખાતે આવેલ વિજયભાઈ ચૌધરીનું ડેરી ફાર્મ હાઉસ !! બધી જ ગાયો ૨૪ કલાક મુક્તપણે ફરી શકે તેવી સાંકળ વિહીન તેમની દુનિયા છે. ૮૦ ફુટ X 30 ફુટ ના પાર્ટિશન લગાવી તેનું પાઈપીંગ કરીને નાના નાના વાડા બનાવવામાં આવ્યા છે અને જેમાં ૮ થી ૧૦ ગાયો શાંતિથી રહી શકે છે. મિલ્કીંગ મશીન અને ફુવારાથી ઠંડી થયા પછી હળવાશના વાતાવરણમાં એક સાથે છ ગાયો દોહી શકાય અને બધું જ દૂધ એક જગ્યાએ ભેગું થાય તેવી વિદેશ જેવી સુવિધા ધરાવતા આ ફાર્મ હાઉસ થકી વિજયભાઈ પ્રતિદીવસ ૬૦૦ લીટર દૂધ ઉત્પાદન સાથે રોજનું ૨૦ થી ૨૨ હજાર રુપિયાનું અર્થોપાર્જન કરે છે.

પશુઓ માટે પોતાનો આગવો ટ્યુબવેલ અને ૨૭૦૦૦ લીટર શુધ્ધ પાણી એક જ ટાંકામાં રહી શકે તેવી વ્યવસ્થા સાથે ઓટોમેટીક વોટર સપ્લાય સીસ્ટમ થકી દરેક ગાયને પોતાના આગવા સ્ટીલના ટાંકામાં જરુર પડે ત્યારે તરત જ પીવા માટે પાણીની વ્યવસ્થા થાય તેવી સુવિધાઓ ઉભી કરનાર વિજયભાઈ પશુપાલનના પોતાના બાપ - દાદાના પરંપરાગત વ્યવસાયને પોતાનો રજવાડી શોખ માની ખૂબ આનંદથી સફળતા પૂર્વક સમગ્ર ફાર્મ હાઉસનું સંચાલન કરે છે. ૪૦ H.F. ગાયો, ૨૪ બચ્ચાંઓ, ૨ ભેંસો અને ત્રણ પાડીઓના પરિવાર સાથે તેઓ પારિવારીક સ્નેહ ધરાવે છે અને એક ઉત્તમ પશુપાલકનું ઉદાહરણ બન્યા છે જે પોતાના ફાર્મ હાઉસ થકી બીજા છ માણસોને પણ સાથીદાર તરીકે રોજગારી પુરી પાડે છે.

# બલોલ - મહેસાણા

**ગોસ્વામી અલ્કેશભારથી**

**મો.9978910575**



**અભ્યાસ - B.H.M.S. (હોમિયોપોથી ચિકિત્સક)**

પોતાના તબેલામાં ૪૦ ગીર ગાયો, એક કપિલા ગાય અને ૧૫ નાના બચ્ચાંઓ સહિત કુલ ૫૫ પશુઓ ધરાવતા ડૉ.અલ્કેશભારથી એ પોતાના ડેરી ફાર્મને સંપૂર્ણ રીતે કોમર્શીયલ બેઝ ઉપર આગળ લઈ જવાની તૈયારીઓ કરી લીધી છે. ગીર ગાય આધારિત દૂધ અને દૂધના ઉત્પાદનોને મહેસાણા દૂધસાગરની સાથે સાથે જરુરી ગ્રાહકો સાથે સુધી તેના સુધ્ધ સ્વરુપમાં પહોંચાડવા તેઓ સંકલ્પબદ્ધ હોવાનું જણાવી રહ્યા છે. હાલમાં તેમની પાસે ૯૦% ગીર ગાયો અને ૧૦% કાંકરેજી ગાયો ઉપલબ્ધ છે જે પૈકી ૧૨ પશુઓ હાલમાં દૂધ આપે છે અને રોજ ૧૫૦ લિટર દૂધ ઉત્પાદન થઈ રહ્યું છે.

દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ડૉ.અલ્કેશભારથીજી જણાવી રહ્યા છે કે ; પોતે ભારતીય સંસ્કૃતિના અભ્યાસુ હોવાની સાથે સાથે હોમિયોપોથી દર્દ નિવારણ કરવામાં કામ કરી રહ્યા છે ત્યારે તેઓ ગાય અને ગાય આધારિત ઉત્પાદનોનું મહત્વ સારી રીતે સમજી શકે છે. ગાયનું દૂધ અને ઘી તથા છાશ અને દહીં માનવ શરીર માટે કેટલું મહત્વનું છે તે આપણા શાસ્ત્રોમાં સ્પષ્ટ લખાયું છે. ત્યારે, પશુપાલનનો વ્યવસાય તેમનો ધંધાકીય અભિગમ છે તેના કરતાં વિશેષ આધ્યાત્મિક અભિગમ રહ્યો છે. પોતાના તબેલામાં છ માણસોને રોજગારી આપી રહ્યા છે અને ગૌ સેવાની સાથે સાથે આવક પણ પ્રાપ્ત થઈ રહી છે તેનાથી તેમને આર્થિક અને માનસિક બંને પ્રકારની શાંન્તિ નો અનુભવ થાય છે. હાલમાં તેઓ પ્રતિદિવસ ૭૦૦૦ રુપિયાનું આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે.

# આંકલીયારા (સતલાસણા)

## ચૌધરી મેહુલ જેઠાભાઇ
**મો.9722563144**

**અભ્યાસ - ગ્રેજ્યુએટ**

ગુજરાત સરકારશ્રીની બાર દૂધાળાં ઢોર લૉન યોજના હેઠળ દૂધસાગર ડેરીના સહયોગથી નાણાં પ્રાપ્તિ થતાં મેહુલભાઇ ચૌધરીએ પોતાના પરિવારના વંશ પરંપરાગત પશુપાલનના વ્યવસાયને વ્યક્તિગત રીતે આગળ વધારતાં પોતાનો અલગ વ્યવસાય ઉભો કર્યો. ૨ ભેંસો અને ૧૧ ગાયો માટે હાલના પશુ વૈજ્ઞાનિક સંશોધનોને અનુરુપ તબેલો છેલ્લા બે માસ પહેલાં બનાવ્યો છે. જેમાં, સંપૂર્ણ હવા - ઉજાસ અને પાણીની વ્યવસ્થા સાથે ઘાસ ચારા માટે ચાફ - કટર સહિત તબેલામાં પશુઓને આરામ દાયક રબરમેટ પાથરવામાં આવી છે. સમગ્ર તબેલાનું સંચાલન માત્ર બે માણસ કરી શકે તેવી સુવિધાઓ સાથે તેઓ પ્રતિદિવસ ૮૦ લિટર દૂધ સાથે રોજ રુ.3000 નું ઉપાર્જન કરે છે.



બાર થી પંદર પશુઓનું સારી રીતે વૈજ્ઞાનિક ઢબે અને એક ખેડૂતની સાચી કોઠાસૂઝ પ્રમાણે જતન કરવામાં આવે તથા મોટા ભાગના પશુઓ સમયાંતરે ગાભણ થાય અને દૂધ ઉત્પાદન જળવાઈ રહે તેવી સમયની સાયકલ સાથે અનુકૂલન સાધી આ વ્યવસાય કરવામાં આવે તો મહિને ૫૦ હજારથી વધારે રકમ કમાવવી એ સાચા પશુપાલક માટે ખૂબ સરળ વાત છે તેવા વિશ્વાસ સાથે મેહુલભાઈએ દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે ; મારા તબેલામાં અમે માત્ર બે જણ ખૂબ જ સરળતાથી સમગ્ર દિવસ દરમ્યાન સમગ્ર તબેલાનું સંચાલન કરી શકીએ છીએ. જેથી, ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન થવા પામે છે. જેનો સીધો લાભ મને પ્રાપ્ત થાય છે. મે ચાર બકેટવાળું મિલ્કીંગ મશીન વસાવ્યું હોવાથી પશુઓને દોહવાની પ્રક્રિયા ઘણી સરળ બની ગઈ છે.

# જેતલવાસણા - વિસનગર

## પટેલ દીપ જીતેન્દ્રભાઇ
**મો.9979556810**

**અભ્યાસ - M.C.A. (માસ્ટર ઈન કોમ્પ્યુટર એપ્લિકેશન)**

દીપ પટેલના પિતાજી જીતેન્દ્રભાઇ ઈન્ડિયન આર્મીમાં હતા ત્યારે તેમના મમ્મી પશુપાલન કરતા હતા. પરંતુ, આ પરિવાર ૨૦૧૦ થી ૨૦૨૪ સુધી અમદાવાદ શિફ્ટ થઈ ગયો જ્યાં, દીપનો અભ્યાસ થયો. કોરોનાના લોક ડાઉનમાં દીપને સમજાયું કે ગામડાની ખેતી - પશુપાલન અને જીવન સૌથી શ્રેષ્ઠ છે. તે પછી તેમણે ૧૨ H.F. ગાયો અને એક ભેંસ સાથે પોતાનો તબેલો શરુ કર્યો. આજે તેમાંથી અડધા પશુઓ દૂધાળાં છે અને પ્રતિદિવસ તે ૧૧૦ લીટર દૂધ આપે છે. જેમાંથી આશરે ૩૮૦૦ રુપિયા ની રકમનું ઉપાર્જન કરે છે. અને, પશુઓના મળમૂત્ર માટે આગવો કૂવો કરી - છાણના લિક્વીડને મોટર મારફતે ઘાસચારામાં કુદરતી ખાતર પહોંચાડે છે.



25 વર્ષિય દીપ M.C.A. ડીગ્રી ધરાવે છે. તો, તેમના પત્ની બીનાબેન પટેલ B.A-M.A. થયેલા છે. તો, તેમના સાળા વિપુલ પટેલ I.T.I ઈલેક્ટ્રીશીયન કરેલું છે. આ ત્રણેયનોએ આજની જનરેશન જેનમાં સમાવેશ થાય છે. ત્યારે પત્રિકા સાથે વાતચીતમાં તેઓએ જણાવ્યું કે 10 થી 15 પશુઓ સાથે પરંપરાગત ટેકનીકથી બહાર આવી આ વ્યવસાય કરવામાં આવે તો ખેડૂતના છોકરાએ બીજે ક્યાંય રોજગારી શોધવા જવાની જરુર નથી. તેમના તબેલામાં ઠંડક માટે ફૂવારા પદ્ધતિ, ચાફ કટર, મિલ્કીંગ મશીન, પાણી માટેની ઓટોમેટીક સીસ્ટમ સાથે પશુઓના મળમૂત્ર માટે આગવી કૂવાની વ્યવસ્થા કરી તેઓએ મોટર દ્વારા આ છાણ લિક્વીડ સ્વરુપમાં ઘાસચારાના ખેતરમાં જાય તેવી અદભૂત વ્યવસ્થાઓ સાથે તેઓ નજીકના ભવિષ્યમાં 40 થી વધારે દૂધાળાં જાનવર વસાવવા માગે છે.

## ચોમાસું વિદાય થયું - ઉત્તરગુજરાતમાં સિઝનનો સરેરાશ 70.33% વરસાદ નોંધાયો અને, હજુ આશરે 29.67 વરસાદની ઘટ છે ત્યારે દૂધસાગરના જાગૃત પશુપાલક તરીકે

# આવું હોવું જોઈએ તમારૂં આગોતરૂં આયોજન

ઉત્તર ગુજરાતમાં ચોમાસું વિદાય લઈ ચૂક્યું છે. અને, આંકડા મુજબ લગભગ 30 ટકા જેટલી વરસાદની ઘટ રહી ગઈ છે. ધરતીપુત્ર અને ખાસ કરીને પશુપાલક માટે વરસાદ ઓછો હોય એટલે આવનાર શિયાળો અને ઉનાળો કસોટીરુપ સાબિત થતા હોય છે. પશુધન એ આપણી જીવાદોરી છે અને દૂધસાગર ડેરી સાથે જોડાયેલા જાગૃત પશુપાલક તરીકે જો અત્યારથી જ આગોતરું આયોજન ન કરીએ તો આગળ જતાં ઘાસચારો, પાણી અને દૂધ ઉત્પાદન ત્રણેયમાં મોટો ફટકો પડી શકે છે.



**ઘાસચારાનો યોગ્ય સંગ્રહ** આવનાર સમયને - સમય પહેલાં ઓળખી લે તે સાચો ધરતીપુત્ર !! નબળા ચોમાસાની અસરો ધરતી ઉપર ઉતરે તે પહેલાં ઘાસચારાનો યોગ્ય સંગ્રહ અને કરકસર કરી સુકા ચારાનો સંગ્રહ કરી લેવો હિતાવહ છે. બાજરીનું કડબ, જુવાર કે મકાઈનો સુકો ચારો અત્યારથી જ વ્યાજબી ભાવે મેળવીને વ્યવસ્થિત ઢાંકીને સંગ્રહ કરી લેવો જોઈએ. જેથી પાછળથી અછતના સમયે ઉંચા ભાવ ન ચૂકવવા પડે.

**સાયલેજ (ખાડા ઘાસ) બનાવવું** લીલા ઘાસચારાની અછત નિવારવા માટે સાયલેજ (પશુઆહારનું અથાણું) એ ઉત્તમ વિકલ્પ છે. લીલી મકાઈ કે જુવારનું સાયલેજ બનાવી રાખવાથી ઉનાળાના આકરા દિવસોમાં પણ પશુઓને પોષણક્ષમ લીલો ચારો મળી રહેશે.

**ચારાનો બગાડ અટકાવવો** સૂકો કે લીલો ચારો પશુ આગળ આખો નાખવાને બદલે હંમેશા કટકા સ્વરુપમાં (ચાપ કટરથી કટીંગ કરી) નાખવો જોઈએ. ઘાસચારામાં મીઠું અને પાણીનો છંટકાવ કરવાથી પશુ ચારો બગાડ્યા વિના પુરેપુરો ખાઈ જશે.

**પાણીનું સુવ્યવસ્થિત આયોજન** આવનાર સમયમાં કૂવા, બોર કે તળાવમાં પાણીનું સ્તર ઘટશે. તેથી પશુઓને પીવાના પાણીની અછત ન થાય તે માટે ટાંકી કે હવાડાની વ્યવસ્થા ચોખ્ખી અને ભરેલી રહે તેવી કરવી જોઈએ. પશુઓને હંમેશા ચોખ્ખું, ઠંડું અને તાજું પાણી દિવસમાં ૩ થી ૪ વખત પૂરતા પ્રમાણમાં પીવડાવો જેથી દૂધ ઉત્પાદન જળવાઈ રહે.

**પૂરક પશુ આહારનું આયોજન** જ્યારે લીલા ઘાસચારાની ઘટ હોય ત્યારે પશુને પોષણની કમી ન થાય તે માટે ગુણવત્તાયુક્ત દાણ (સાગરદાણ) નિયમીત આપો. તેમજ, ખોરાકમાં પ્રતિદિન ૫૦ ગ્રામ મીઠું ઉમેરવાનું ભુલશો નહીં. આનાથી પશુની રોગ પ્રતિકારક શક્તિ ટકી રહેશે અને વેતર લંબાશે નહીં.

**પશુ આરોગ્યની કાળજી** ઋતુ બદલાય એટલે પશુઓમાં રોગચાળો ફેલાવાની શક્યતા વધે છે. ઘટતા વરસાદ અને બદલાતા હવામાનને જોતાં પશુઓને કૃમિનાશક દવા (ડીવોમિંગ) પીવડાવો. ગળસૂંઢો અને ગાંઠિયા તાવ જેવી બીમારીઓ સામે સમયસર રસીકરણ કરાવી લેવું હિતાવહ છે.

**ખેતીમાં ચારા પાકોનું આગોતરુ વાવેતર** શિયાળું ઋતુમાં ઓછા પાણીએ વધુ ઉત્પાદન આપતા ઘાસચારાના પાકો જેવા કે રજકો (ગુજરાત રજકો-૧) મકાઈ કે ઓટ (જવ) નું વાવેતર આયોજન પૂર્વક કરી બની શકે તો ટપક કે ફુવારા પધ્ધતિથી પાણી પાવું જોઈએ. વરસાદ ઓછો થયો તે કુદરતની વાત છે પણ આપણી તૈયારી આગોતરી હોય તો, ગમે તેવી મુસીબત નાની બની જતી હોય છે.

# દૂધસાગરની સાથે સાથે Amul અમૂલ મંથન

## KRIBHCO ની સાધારણ સભામાં શંકરભાઈ ચૌધરીનું સહકાર ક્ષેત્રે સન્માન

### ગૌરવપૂર્ણ સન્માનને અમૂલ અને દૂધસાગર વતી અશોકભાઈએ આવકાર્યું




નવી દિલ્હી ખાતે દેશની અગ્રણી ખાતર ઉત્પાદન કરતી સહકારી સંસ્થા KRIBHCO ની સાધારણ સભામાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીને સહકારક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'સહકાર શિરોમણી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. અને, આ સન્માન બદલ અશોકભાઈ ચૌધરીએ પોતાની શુભકામનાઓ પાઠવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

## મહેસાણાના રાધનપુર રોડ ખાતે સહયોગની 21 મી શાખાનો શુભારંભ

### G-33, આઈકોન આર્કેડ, 52 સ્ટ્રીટ રોડ, રાધનપુર રોડ-મહેસાણા : 2



ભાદરવી પૂનમના પવિત્ર અને પાવન પ્રસંગના રોજ મહેસાણાની રાધનપુર રોડના માનવંતા ગ્રાહકોને પોતાના રહેઠાણ નજીકથી જ સહયોગના ગુણવત્તાયુક્ત ઉત્પાદનો જેવા કે ; દૂધ, દહીં, છાશ, ઘી, પનીર, વિવિધ ફરસાણ અને મીઠાઈઓ મળી રહે તે માટે નવરાત્રી અને દિપાવલી અગાઉ જ અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના વરદ હસ્તે દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા સહકારી મંડળી દ્વારા સંચાલિત "સહયોગ" ની ૨૧ મી શાખાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સહયોગના ચેરમેન શ્રી ફાલ્ગુનભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સહયોગ વિકાસના પંથે વધુમાં વધુ ગ્રાહકોના નજીક પહોંચી રહી છે તે બદલ મહેસાણા દૂધસંઘના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ સમગ્ર સંચાલક મંડળને અભિનંદન આપ્યા હતા.

## ભાદરવી પૂનમના પાવન દિવસે જગુદણ સાગરદાણ ફેક્ટરી ખાતે આયોજિત યજ્ઞના દર્શન કરી અશોકભાઈ ચૌધરીએ પશુપાલકોની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી




સાગરદાણ ફેક્ટરી - જગુદણ ખાતે ધરતીના ધણી - શેષનાગ અવતાર ગોગા મહારાજના પાવન - પવિત્ર સ્થળે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે અમૂલ અને દૂધસાગરના વડા શ્રી અશોકભાઈ ચૌધરીની વિશેષ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમણે આ અવસરે સમગ્ર કાર્યક્ષેત્રના પશુપાલકો અને સંસ્થાના કર્મચારીઓના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે ભગવાન શેષનાગને પ્રાર્થના કરી હતી.

## GCMMF (અમૂલ ફેડરેશનની) 52 મી સાધારણ સભા સંપન્ન



આણંદ ખાતે અમૂલ ફેડરેશન (GCMMF) ની પર મી વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશન અંગેની કામગીરી અને ભાવિ આયોજન તથા પશુપાલકોના હિતને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, પંચામૃત ડેરી તથા નાફેડના ચેરમેનશ્રી જેઠાભાઈ આહિર અને ફેડરેશનના વાઈસ ચેરમેન તથા રાજકોટ ડેરીના ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલિયા, MD શ્રી જયેનભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

આ દરમ્યાન સુમુલ (સુરત) ડેરીના નવનિયુક્ત ચેરમેન શ્રી કાન્તિભાઈ ગામીત તથા સુગમ (બરોડા) ડેરીના નવનિયુક્ત ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલને સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## જ્યાં - જ્યાં દૂધમંડળી ત્યાં - ત્યાં અમૂલ પાર્લરની પરંપરા યથાવત

### ખેરાલુના સાગથળા, ગોરીસણા અને વઘવાડી ખાતે શુભારંભ



દૂધમંડળીની સાથે પશુપાલકને બે પૈસા વધુ મળે તેવા ઉમદા આશય સાથે સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના સંકલ્પને આગળ વધારતા ખેરાલુ તાલુકાના - સાગથળા, ગોરીસણા અને વઘવાડી મુકામ ખાતે વધુ ત્રણ અમૂલ પાર્લરોના તેઓએ શુભારંભ કરાવી ઉજ્જવળ સફળતાની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય શ્રી અજમલજી ઠાકોર, ડેરી નિયામક મંડળના સભ્ય શ્રી એન.ડી ચૌધરી, ડૉ. ચિંતનભાઈ ચૌધરી અને ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હિરલબેન ચૌધરી સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આણંદ ખાતે અમૂલ ફેડરેશનની Hoshin Kanri ની વાર્ષિક પ્લાનિંગ મિટિંગ યોજાઈ

### ચેરમેન અને MD શ્રીની ઉપસ્થિતીમાં વ્યુહરચનાઓ ઘડાઈ



તાજેતરમાં આણંદ ખાતે અમૂલ ફેડરેશન દ્વારા આયોજિત વિવિધ ડેરી ઉત્પાદનો ના વિભાગોની Hoshin Kanri ની વાર્ષિક પ્લાનિંગ મિટિંગ યોજાઈ હતી. GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને MD શ્રી જયેનભાઈ મહેતાની પ્રેરક ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર ભારતના અમૂલના પ્રોડક્શન, માર્કેટિંગ, સેલ્સ તથા સપોર્ટ ટીમના અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરીને દેશ વિદેશના બજારોમાં અમૂલના ભાવિ વિકાસ માટેની વ્યુહરચનાઓ સહિત ટીમ વર્કના મહત્વને વધારવા ઉપર ભાર મુકાયો હતો અને અમુલની સાથે સમગ્ર ગુજરાતના પશુપાલકો સમૃદ્ધિની દિશામાં આગળ વધે તે માટે સૌ સંકલ્પબદ્ધ બન્યા હતા.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા